બનાસકાંઠા જિલ્લામાંઅઢારમા દિવસે ક્વોરી ઉદ્યોગ ટને ૧૦૦ રૂપિયાના ભાવ વધારાથી ધમધમશે

સરકારે બાંહેધરી આપતા ક્વોરી એસો. એ હડતાલ સમેટી

સરકારી અને ખાનગી બાંધકામો, બ્રિજ, રોડ-રસ્તા સહિતનાં પ્રોજેકટોને કવોરી ઉદ્યોગની હડતાલ એ ગંભીર અસર પહોંચાડી હતી. જિલ્લામાં ૧૪૦ કવોરી સંચાલકોની હડતાલ પ્રશ્ને ગાંધીનગરમાં સરકાર સાથે નિર્ણાયક બેઠક યોજાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ અંગે કવોરી એસો.ના પ્રમુખ ધેમરભાઈ અને વિરેન્દ્રસિંહે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, આરટીઓ તંત્ર સાથે ખનીજનું જે લિકઅપ છે, તેમાં છૂટછાટ તથા જેટલો ટ્રકમાં જેટલો માલ ભર્યો હોય તેટલી જ રોયલ્ટીની પહોંચ આપવા, પ્રાઈવેટ લેન્ડમાં જૂની સીસ્ટમ પ્રમાણે લિઝ આપવા સહિતનાં ૧૭ જેટલા પ્રશ્નો અંગે છેલ્લા ૧૭ દિવસથી કવોરી સંચાલકોની હડતાલ ચાલી હતી. ગુજરાત સ્થાપના દિવસ પહેલી મેથી કવોરી સંચાલકોની હડતાળ શરુ થઈ હતી. જેનો અંત આવ્યો છે. કવોરી ઉત્પાદન બંધ થતા બાંધકામમાં મહત્વપૂર્ણ ભાગ ભજવતી કપચી બિલ્ડરોને ન પહોંચતા તમામ બાંધકામના પ્રોજેકટ હાલ બંદ પડયા હતા. તેવામાં આજથી કવોરી ઉદ્યોગ ફરી શરૂ થઈ જશે. જોકે કપચીના ભાવોમાં પ્રતિ ટને ૧૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જે કપચીના કવોરી બેઠાના ભાવ ૪૦૦થી ૪૫૦ હતા તે વધીને ૫૦૦થી ૫૫૦ થયા છે.

અરવલ્લી : શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો સરકાર દવારા હકારાત્મક નિર્ણય થતા જિલ્લા મથકે અનંદોત્સવ ઉજવાયો

રાજ્યમાં ફરજ બજાવતા શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો જેવાકે સળંગ નોકરી,એક એક વર્ગમાં આચાર્ય સહિત ચાર શિક્ષકો,આચાર્યને એલ.ટી.સી.નો લાભ,શાળાઓમાં આચાર્યની ભરતી,ગ્રાન્ટની જૂની પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા,બિનશૈક્ષણિક કર્મચારીઓની બઢતી સહિતના મુદ્દાઓ પર સરકાર દવારા હકારાત્મક અભિગમ દાખવતા જિલ્લા મથકે હોદ્દેદારોએ ઢોલ નગારા વગાડી અભિવાદન કર્યું હતું.આ પ્રસંગે અરવલ્લી જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પ્રમુખ એન. ડી. પટેલ,પી.જી.પટેલ,અશોકભાઈ પટેલ,મુકેશભાઈ પટેલ, મહેન્દ્ર પટેલ, રાજેન્દ્ર પટેલ, કૌશિક સોની, બી.ટી.નાયી, ડી.કે. પ્રજાપતિ સહિત ચારેય સંઘોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના વાવ પંથકમાં વિકલાંગ દીકરીઓના દુ:ખ જોઈ માતા પિતાએ મોત માંગ્યા!

બનાસકાંઠા જિલ્લાના સરહદી વાવ તાલુકાના વાસરડા ગામનો ઠાકોર પરિવાર પોતાની ચાર વિકલાંગ દીકરીઓના દુ:ખ જોઈ શકતો નથી. ઘરની પરિસ્થિતિ સારી ન હોઈ દીકરીઓ સાથે પોતાના મોત પણ ભગવાન પાસે માંગ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વાવના વાસરડા ગામે ઠાકોર શંકરભાઈ ચોથાભાઈ નો પરિવાર રહે છે શંકરભાઈની ચાર પુત્રીઓ ગીતાબેન.રમીલાબેન. મંજુલાબેન અને ભારતીબેન ચારે વિકલાંગ છે જેમને ખાટલા પર ઉપાડી બેસાડવી પડે છે. ચારે મોટી ઉંમરની છે જેમાં ગીતાબેન ૪૦ વર્ષની ઉંમર છે શંકરભાઈ ઠાકોરને રહેવા ઘર નથી ઝાડ નીચે રહે છે ઉનાળાની કાળઝાળ ૪૦થી વધુ ડીગ્રી તાપમાન વચ્ચે કઈ રીતે દીકરીઓને રાખવી દીકરીઓની માતા હેમાંબેન દીકરીઓની દેખભાળમાં રહે છે. શંકરભાઈ છૂટક મજૂરી કરે છે વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હોઈ ભારે હાલાકી ભોગવી રહ્યા છે તેઓ દીકરીઓને મૂકી ક્યાંય જવા તૈયાર નથી એકલી મૂકી શકાતી નથી જેને લઈ તેઓ ભગવાન પાસે દીકરીઓના મોત માંગી રહ્યા છે.

મોડાસા ખાતે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે સ્વ સમૂહ જૂથ ને સામૂહિક લોન વિતરણ કરતા ડૉ. કુબેરભાઈ ડિંડોર

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે મોડાસાના ભામાસા હોલ ખાતે સ્વ સમૂહ જૂથોને સામૂહિક લોન વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રાજ્યકક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર હાજર રહ્યા હતા. લોકોના જીવનને ઉજ્જ્વળ બનાવવાના સરકાર ના સાહસને આગળ ધપાવ્યું.જેમાં ૧૨પથી વધૂ સ્વસહાય જૂથને અંદાજિત ૧.૨૫ કરોડની આર્થિક સહાય આપતા ચેક અર્પણ કરવામાં આવ્યા. સિલાઈ, નર્સરી, મહિલા ઉધોગ સાથે સંકળાયેલા સમૂહને લાભ આપવામાં આવ્યો છે. મહિલાઓને આત્મનિર્ભરતાના પાઠ સમજાવતા મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું કે આજની મહિલાઓ રોજગાર મેળવે છે અને રોજગાર આપે પણ છે. દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય યોજનાનો લાભ દેશના દરેક ખૂણે પહોચાડવાનો છે. નારી અધિકાર, નારી સશક્તીકરણ શબ્દો સંવિધાનથી મળ્યા હતા પણ અમલ પ્રધામંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કર્યો છે. દેશ અને સમાજના વિકાસ માટે મહિલા આગળ વધે એ જરૂરી છે. દેશના દરેક લોકો સુધી પાણી, વીજળી, ઘર, શિક્ષણ પહોંચાડી અમારી સરકારે દેશને ખરેખર આઝાદ બનાવ્યો છે. મહિલાઓને કાર્યક્રમમાં સંબોધતા સાંસદ દીપસિંહ રાઠોડે જણાવ્યું કે મહિલાઓને સશક્ત બનાવવા ગુજરાત સરકાર એ કામ કર્યા છે. આપણે સૌને જાગૃત કરી અન્ય મહિલાઓને પણ રોજગાર મળે તેવી વ્યવસ્થા કરવી પડશે. આ કાર્યક્રમમાં મંત્રી શ્રી ડૉ.કુબેરભાઇ ડિંડોર, સાંસદ સભ્ય દીપસિંહ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી ડી.વી. ડાવેરા, ભાજપ સંગઠન પ્રમુખ શ્રી રાજુભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ ભીખુસિંહ પરમાર, જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ કનુભાઈ,તાલુકા પંચાયત પ્રમુખ બિપિનભાઈ પટેલ, મોડાસા નગર પાલિકા પ્રમુખ જલ્પાબેન, લીડ બેંક મેનેજર હિતેશ સહગલ, નાબાર્ડ બેંક મેનેજર નવલ કનોર, GLPC જનરલ મેનેજર દિપ્તીબેન પરમાર, DLM સી. એમ. મકવાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

આગ ફૂંકતી ગરમીમાં મનરેગાના કામો ધમધોકાર

અરવલ્લીમાં મનરેગા યોજનામાં રોજગારી માટે ધોમધખતો તાપ ભૂલાયો

૩૭ હજાર શ્રમજીવીઓથી તળાવો ધમધમ્યાં : સૌથી વધુ મેઘરજ તાલુકામાં ૨૧ હજાર શ્રમજીવી, સૌથી ઓછા ધનસુરા તાલુકામાં શ્રમજીવીને રોજગારી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં રોજગારીની અપર્યાપ્ત સુવિધાઓમાં સરકારની મનરેગા યોજના શ્રમજીવીઓ માટે ઘરઆંગણે રોજગારીનું સાધન બની છે. આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તેમ ગરમીનો કહેર વરસી રહ્યો છે તેમ છતાં જિલ્લાના જ તાલુકામાં મનરેગા યોજના હેઠળ ૩૭,૦૧૫ શ્રમજીવીઓ ધોમધખતા તાપની પરવાહ કર્યા વિના કામ કરી રહ્યા છે જેથી ગ્રામ્ય વિસ્તારના તળાવો શ્રમજીવીઓથી ધમધમી રહ્યાં છે.

છેલ્લા એક સપ્તાહથી ગરમીનો કહેર વરસી રહ્યો છે જેના કારણે બપોર પડતાં માર્ગો સુમસામ બની જતા હોય છે. સોસાયટી વિસ્તારોમાં કામ સિવાય ઘરની બહાર કોઈ નિકળતું નથી જેથી જનતા કરફયું જેવો અનુભવ થતો હોય છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં દેહદઝાડતી ગરમીમાં પણ રોજગારી માટે શ્રમજીવીઓ કામ કરવા મજબૂર બની રહ્યા છે. જિલ્લાના બાયડ, ભિલોડા,

ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા સહિતના વિસ્તારોમાં જળસંચયના કામો શરુ કરવામાં આવ્યા છે. તળાવ, ચેકડેમ ઉંડા કરવાની સાથે વાંધાઓની સાફસફાઈ સહિતના કામો બળબળતા ઉનાળામાં પણ ચાલુ રાખવામાં આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો પાણી અને છાંયડાની પર્યાપ્ત સુવિધા પણ ઉભી કરવામાં આવી ન હોવાથી મનરેગા યોજનામાં કામ કરતા શ્રમજીવીઓની હાલત દયનીય બની છે. સરકારી તંત્ર કામકાજના સ્થળે છાંયડાની પૂરતી સુવિધા ઉભી કરવામાં આવી હોવાના દાવા કરે છે પરંતુ સ્થળ ઉપર સ્થિતિ કંઈક જૂદી જોવા મળી રહી છે. ટૂંકમાં ગરમી કરતાં પણ શ્રમજીવીઓને વધતી જતી મોંઘવારી વધુ સતાવી રહી હોવાથી આકરો તાપ સહન કરીને પણ શ્રમજીવીઓ કામમાં જોડાયેલા રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને તળાવો ઉંડા કરવાના કામોને વધુ પ્રાથમિકતા આપવામાં આવી હોવાથી કેટલાક વિસ્તારોમાં શ્રમિકોને ઠંડી છાશનું વિતરણ કરી વાહ વાહી લૂંટવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ખેલ મહાકુંભ ૨૦૨૧-૨૦૨૨

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં યોજાયો ૧૧મો ખેલ મહોત્સવ

રાજ્યના ૭ જિલ્લાઓની ટીમોએ ખો-ખોની રમતમાં ભાગ લીધો

બાયડ તા.૧૮

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લી ધ્વારા આયોજીત "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત ૧૧મો ખેલમહાકુંભ મધ્યઝોન કક્ષા ખો-ખો બહેનો તમામ વયગૃપ સ્પર્ધા તા.૧૪/૦૫/૨૦૨૨ થી તા.૨૦/૦૫/૨૦૨૨ દરમ્યાન પ્રાર્થના વિદ્યાલય,મદાપુરકંપા, મોડાસા, જિ-અરવલ્લી ખાતે આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઓપન એજ બહેનોમાં કુલ-૦૭ જિલ્લાઓએ ભાગ લીધેલ તેમાં પાટણ ર અમદાવાદ ગ્રામ્ય સેમિફાઈનલમાં આવી તેઓ રાજ્યકક્ષાએ આગળ રમવા જશે. ખેલ મહાકુંભ હેઠળ ૨૨ પ્રકારની ઓલમ્પીક- નોન ઓલમ્પીક સ્પર્ધાઓની પસંદગી એ રીતે કરવામાં આવી છે કે જે નાના બાળકથી લઈ ૬૦ વર્ષથી ઉપરના નાગરિકો પણ ભાગ લઈ શકે છે.

ઉત્તર ગુજરાતમાં લશ્કરી તાલીમ કેન્દ્રની સ્થાપના ૯ વર્ષથી અદ્ધરતાલ

ભરતી મેળા થાય છે પણ યુવાનોને યોગ્ય તાલીમ મળતી નથી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

ઉત્તર ગુજરાતમાં ભારતીય લશ્કર દ્વારા સમયાંતરે ભરતી મેળા યોજાય છે. પરંતુ લશ્કરી તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં નથી. જેના કારણે યુવાનો લશ્કરમાં પસંદગી પામી શકતા નથી. વર્ષ-૨૦૧૪ માં તાલીમ કેન્દ્રો શરૂ કરવા માટે ગૃહ વિભાગ દ્વારા સાબરકાંઠા અને બનાસકાંઠામાં લશ્કરી તાલીમ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ છેલ્લા ૯ વર્ષથી તે અદ્ધરતાલ છે. યુવાનોમાં લશ્કરમાં જોડાવા માટેનો જબ્બર જુસ્સો જોવા મળી રહ્યો છે પરંતુ ખાટલે મોટી ખોડ હોય તેમ ઉત્તર ગુજરાતના યુવાનોને આર્મીની યોગ્ય ટ્રેનિંગ મળતી નથી જેના કારણે સેનામાં જોડાવા ઈચ્છતા યુવકો પસંદગી ન પામવાથી નાસીપાસ થઈ જતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના યુવાનોને લશ્કરમાં જોડાવા માટે પ્રોત્સાહીત કરવાના આશયે ભરતી થતાં અગાઉ યોગ્ય તાલીમ મળી રહે તે માટે સાબરકાંઠા અને બનાસકાંઠામાં લશ્કરી તાલીમ કેન્દ્ર શરૂ કરવાની ઘોષણા કરાઈ હતી. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા જે તે સમયે ટ્રેનિંગ સેન્ટરની જાહેરાત થતાં લશ્કરમાં જોડાવા ઈચ્છુક યુવાનોમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો હતો. પરંતુ ત્યાર પછી કોઈ જ કામગીરી ન થતાં યુવાનોમાં નિરાશા વ્યાપી છે. ઉત્તર ગુજરાતના હજારો યુવાનો મા ભોમની રક્ષા કાજે સરહદ ઉપર આજે તૈનાત છે અને અન્ય વધુ યુવાનો સરહદની સુરક્ષા માટે હરહંમેશ તત્પર છે છતાં ઘરઆંગણે લશ્કરી તાલીમનો અભાવ હોવાથી યુવાનો પસંદગી પામી શકતા નથી. આ ઉપરાંત સેનામાં પંજાબ રેજીમેન્ટ, જાટ રેજીમેન્ટ, રાજપૂતાણા રેજીમેન્ટ કાર્યરત છે પરંતુ ગુજરાતની કોઈ રેજીમેન્ટ લશ્કરમાં નથી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અસંખ્ય આદિવાસી યુવાનો સેનામાં ફરજ ઉપર તૈનાત છે અને અન્ય યુવાનોને પ્રેરણારૂપ ફરજ બજાવી રહ્યા હોવાથી અસંખ્ય યુવાનો લશ્કરમાં જોડાવા માટે અપર્યાપ્ત સગવડો વચ્ચે કપરી મહેનત કરતા ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળે છે ત્યારે ઉત્તર ગુજરાતમાં લશ્કરમાં જોડાવા ઈચ્છુક યુવાનોને ઘર નજીક લશ્કરી ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવે અને લશ્કરના નિવૃત્ત અધિકારીઓ દ્વારા તેમને યોગ્ય તાલીમ આપવામાં આવે તો યુવાનોને રોજગારી મળી શકે અને ભારતીય લશ્કરમાં ગુજરાતના ફોજીઓની સંખ્યા વધી શકે તેમ છે.

પ્રાંતિજની બે સોસાયટીઓ પાણીથી વંચિત

છેલ્લા એક મહિનાથી રજુઆતો બાદ પણ પાલિકા દ્વારા કોઈ જ કાર્યવાહી નહીં

સોસાયટીની મહિલાઓ પાણીના મળતા આખરે પાલિકાએ દોડી આવી : પાણી નહી મળેતો વોટ અને વેરો પણ નહી ભરવા રહીશોએ જણાવ્યુ : ત્રણ દિવસમાં ઉકેલ નહી આવેતો બન્ને સોસાયટી ના રહીશો નો પાલિકામા ધામા નાખશે

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા અને એપ્રોચરોડ ઉપર આવેલ બન્ને સોસાયટીઓના રહીશોને નિયમિત વેરો ભરવા છતાય રજુઆત છતાંય છેલ્લા એક

મહિનાથી પાણીના મળતા આખરે બન્ને સોસાયટી ની મહિલાઓ પાલિકામા દોડીઆવી હતી અને રજુઆતો કરી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શુભમ રેસીડન્સ સોસાયટી ના રહીશો તથા એપ્રોચરોડ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીઓના રહીશોને છેલ્લા એક મહિનાથી પાણીના મળતા બન્ને સોસાયટીઓના રહીશો મહિલાઓ પ્રાંતિજ પાલિકા ખાતે દોડી આવ્યાહતા તો શુભમ રેસીડન્સ સોસાયટી ના રહીશોને સીક્સ લાઈન રોડ ના કામને લઈ ને પાણી ની પાઈપ લાઈન મા ભંગાર પડતા પાણી મળતુ નથી તો એપ્રોચરોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીની પાણીની લાઈન ચોકઅપ થતા પાણી મળતુ નથી ત્યારે બન્ને સોસાયટીઓના રહીશો ને છેલ્લા એક મહિના થી પાણીના મળતા રોજીદુ ટેંકર મગાવે છે તો ટેંકર ૭૦૦ થી ૧૦૦૦ રૂપિયા મા પડે છે ત્યારે રહીશો દ્વારા પાણીને લઈ ને પ્રાંતિજ નગર પાલિકા મા અનેક વાર રજુઆતો કરી છતાંય એ ધ્યાને ના લેવામા આવતા રહીશોએ પ્રાંતિજ પ્રાંન્ત કચેરી સુધી રજુઆતો કરવામા આવી હતી પણ આજદીન સુધી ધ્યાને ના લેવામા આવતા આખરે કંટાળેલા રહીશો સોસાયટીની મહિલાઓ રણચંડી બની હતી અને પ્રાંતિજ પાલિકાએ આવી પોહચી હતી ત્યારે પાલિકાએ બે ત્રણ દિવસ મા પાણી ની સમસ્યા હલ થવાની ખાત્રી આપવામા આવી હતી તો રહીશો દ્વારા પણ ચિમકી આપવામા આવી હતી કે જો ત્રણ દિવસ મા પાણીની સમસ્યા નો ઉકેલ નહી આવેતો બન્ને સોસાયટીઓના રહીશો મહિલાઓ પ્રાંતિજ નગર પાલિકામા ધામા નાખશે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પ્રાંતિજ પાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામા આવશે કે કેમ કે પછી હોતા હે ચલતાહે જેવી સ્થિતિ જોવા મળશે એતો હવે આવનાર દિવસોમાં જ ખબર પડશે ત્યારે હાલતો નિયમિત પાણી સફાઈ વેરા સહિત ના વેરાઓ રહીશો ભરવા છતાંય રહીશોને હાલતો પાણી માટે વલખા મારવા પડે છે.

મેઘરજ : મોટી મોરી ગામ નજીક ડુંગર પર આગ ભભૂકી ઉઠતા વનરાજી આગમાં ખાખ

વનવિભાગ તંત્રમાં દોડધામ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષઓ વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં લાગતી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા કુશંકાઓ પેદા થઈ રહી છે મેઘરજ નજીક મોટી મોરી ગામના ડુંગર પર લાગેલી આગ ઝડપથી પ્રસરતા હજ્જારોની સંખ્યામાં વનરાજી બળીને ખાખ થઈ હતી. મેઘરજના મોટી મોરી ગામ નજીક આવેલા ડુંગર પરના જંગલોમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા ગ્રામજનો અને વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનસ્થળે પહોંચી આગ પર લોકોના સહયોગ થી કાબુ મેળવવા પ્રયત્નો હાથધર્યા હતા જંગલમાં લાગેલી આગથી વનરાજી બળીને ખાખ થઈ હતી સતત અરવલ્લી જિલ્લામાં ડુંગર વિસ્તાર અને જંગલમાં લગતી આગ થી વનસંપદા સહીત વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને પણ મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે. અરવલ્લી જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગ નું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે

ટ્રાયબલ વિસ્તારનો વિકાસ ભૂલાયો

જિલ્લાના આદિવાસી ખેડૂતો દાયકાઓથી સિંચાઈની સુવિધાથી વંચિત....

સિંચાઈનો લાભ મળે તો ખેડૂતો સદ્ધર બનશે

હિંમતનગર, તા.૧૮

આઝાદીના ૭ દાયકા પછી પણ જિલ્લાના આદિવાસી ખેડૂતો સિંચાઈ સહિત જરૂરી સવલતથી વંચિત રહ્યા છે. ટ્રાયબલ વિસ્તારના વિકાસની મોટી યશગાથાઓ કહેવામાં આવે છે પરંતુ સ્થળ ઉપર ફરી તકાજો મેળવવામાં આવે તો ટ્રાયબલ વિસ્તારનો વિકાસ ભૂલાયો હોય તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યા છે. જિલ્લાનો આદિવાસી ખેડૂત માત્ર ચોમાસા દરમ્યાન ખેતી કરી પોતાની આર્થિક સમૃદ્ધિ મેળવતો હોય છે પરંતુ સિંચાઈનો લાભ મળે તો મહેનતુ આદિવાસી ખેડૂતો બારેમાસ પાક મેળવી વધુ સમૃદ્ધ થાય તેવી શક્યતાઓ રહેલી છે.

રાજ્યમાં સત્તાસ્થાને કોંગ્રેસ હોય કે ભા.જ.પ. પરંતુ આદિવાસી પટ્ટામાં આજેય પણ પ્રજા પાયાની સવલતોથી વંચિત રહી ગઈ છે. ચૂંટણી આવે ત્યારે મત બેન્ક અંકે કરવા અવનવા નુસ્ખા બંન્ને પક્ષો શરૂ કરી રહી છે અને પ્રકૃતિની ગોદમાં રહેતા વનવાસીઓ નેતાઓના ગ્લેમરસના પ્રભાવમાં આવી પોતાના ૫ વર્ષનો વિકાસ જોજનો દૂર ઠેલવી નાખતા હોય છે. જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં આજે પણ ચોક્કસ રાજકીય પક્ષના ધારાસભ્યો ચૂંટાઈ આવતા હોય છે અને સતત બે-ત્રણ ટર્મ સુધી ચૂંટાયા છતાં આદિવાસીઓના નેત્રદીપક વિકાસના કોઈ દર્શન થયા નથી. શામળાજી નજીક મેશ્વો સરોવર આવેલું છે અને તેના થકી પ્રયત્નો કરવામાં આવે તો આદિવાસીઓને સિંચાઈ માટે બારેમાસ પાણી મળે તેવી વ્યવસ્થા થઈ શકે તેમ છે પરંતુ યોગ્ય રજૂઆતના અભાવે ભિલોડા, મેઘરજ સહિતના આદિવાસી પટ્ટાના ખેડૂતો આઝાદીના ૭૦ વર્ષ પછી પણ સિંચાઈનો લાભ મેળવી શકતા નથી. મેશ્વો સરોવર આસપાસનો અનેક વિસ્તાર હજુ પણ સિંચાઈના લાભથી વંચિત હોય ત્યારે દૂરના વિસ્તારને સિંચાઈના લાભ માટે હજુ કેટલા વર્ષો રાહ જોવી પડે તેવા સવાલ ઉભા થયા છે. સરકાર દ્વારા આદિવાસીઓને હવે તેમની જમીનના ખેડૂત તરીકેના હક્ક આપવામાં આવી રહ્યા છે. પરંતુ ખેડૂત માત્ર જમીન લઈને શું કરે તેને જીવવા માટે પૈસાની જરૂરત હોય અને ખેતી ઉપર નભતો આદિવાસી ખેડૂત ધાન્ય પાકવે તો જ પોતાના પરિવારનું ગુજરાત કરી શકે જેથી સરકાર અને જિલ્લાની નેતાગીરીએ ભિલોડા,

પ્રાંતિજ પોલીસે રાત્રીના સમયે બે ઈસમને ઝડપી પાડયો

બન્ને વિરૂધ્ધ જી.પી.એક્ટ કલમ-૧૨૨ મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી: પ્રાંતિજના હજામચોરા ઉપરથી પ્રાંતિજના બે ઈસમને પોલીસે ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે થી રાત્રીના સમયે પ્રાંતિજ પોલીસે બે ઈસમ ને ઝડપી પાડી તેમની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ પોલીસ રાત્રીના સમયે પ્રાંતિજ વિસ્તાર માં પેટ્રોલિંગ મા હતી તે દરમ્યાન પ્રાંતિજ હજામચોરા પાસે જતા બે ઈસમો પોલીસ ની ગાડી જોઈ ને પાસે આવેલ દુકાનો પાછળ સતાવા જતા પ્રાંતિજ પોલીસ ને શંકા જતા ચારે બાજુએ પોલીસ દ્વારા કોર્ડન કરી બન્ને ઈસમો ને ઝડપી પાડયા હતા તો તેવોની પુછપરછ કરતા ગભરાયેલી હાલતમા બ્રિજેશ રણછોડભાઈ ખેતાજી પરમાર ઉ.વર્ષ-૧૮ હાલ રહે. પ્રાંતિજ ઝાઝવાલા પેટ્રોલપંપ સામે તા.પ્રાંતિજ, જિ સાબરકાંઠા મુળ રહે.સરદાર નગર આંબાવાડી ચાલી અમદાવાદ તથા રાકેશ જયંતિભાઈ અમરાજી ભીલ હાલ રહે પ્રાંતિજ ૯૯૯ તા.પ્રાંતિજ જી. સાબરકાંઠા મુળ રહે.સાબરમતિ જુના અચેર અમદાવાદ રહેતો હોવાનુ જાણવા મળ્યુ હતુ અને વધુ પુછપરછ કરતા પકડાયેલા ઈસમ દ્વારા કોઈ જ સંતોષ કારક જવાબ ના આપતા પ્રાંતિજ પોલીસ દ્વારા જી.પી.એક્ટ કલમ-૧૨૨(સી) મુજબ ગુનોનોધી ઈસમ વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

અવસાન નોંધ



હિંમતનગર તાલુકાના સઢા ગામના માજી સરપંચશ્રી રાજેન્દ્રસિંહ રાઠોડના માતૃશ્રી અમરજીબા જીવતસિંહ રાઠોડ (ઉ.વર્ષ ૧૦૧)નું તા.૧૧/૦૫/૨૦૨૨ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનુ બેસણુ તા.૧૯/૦૫/૨૦૨૨ને ગુરુવારના રોજ સઢા ગામે રાખેલ છે.